પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

एक कदम स्वच्छता की ओर

## -: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ-:

ક્રમાંક : એસ.બી./ ગણેશ વિસર્જન/ ૧૮૪ /૨૦૨૪

## :: જાહેરનામુ ::

સુરત શહેરમાં દર વર્ષે ગણેશ મહોત્સવનો તહેવાર ખૂબ ઉત્સાહ અને ધામધૂમ પૂર્વક મનાવવામાં આવે છે. સુરત શહેરમાં આ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તા.૦૭/૦૯/૨૦૨૪ ના રોજ ભગવાન શ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે. જયારે શ્રીગણેશજીની પ્રતિમાઓનું વિર્સજન, સરઘસ અને શોભાયાત્રા સાથે તા.૧૭/૦૯/૨૦૨૪ ના રોજ નીકળનાર છે. જેમા જે-તે આયોજકો ગણેશ ચતુર્થીના સ્થાપના દિવસ પહેલા અઠીવાડીયાથી ગણેશજીની મૂર્તિઓ ખરીદી કરીને પોત-પોતાના મંડળો સાથે મોટી સંખ્યામાં એકત્રિત થઇને ધામ-ધુમ પુર્વક સરઘસ રૂપે ગૌરી-ગણેશજીની મુર્તિઓનુ તા.૦૯/૦૯/૨૦૨૪ ના રોજ તથા મુખ્ય ગણેશજીની પ્રતિમાઓનુ વિસર્જન-તા.૧૭/૦૯/૨૦૨૪ ના રોજ થનાર છે. જેમા જાહેર માર્ગો પર ગણેશજીની મૂર્તિને ટ્રેઇલરો પર લઇ નિકળીને મોટા ભાગે દિલ્હી-ગેટ થી રાજમાર્ગ થઇ ભાગળ ચાર રસ્તા, ચોક ચાર રસ્તા વિગેરે મુખ્ય જગ્યાઓએથી પસાર થાય છે. જેમા બેન્ડ, ડી.જે., નાચગાનના કારણે જાહેર સામાન્ય ટ્રાફિકને અડચણ પેદા થાય છે. તેમજ આ પ્રકારના સરઘસના રસ્તામાં આવતા મકાનો, દુકાનો, રાહદારીઓ, વાહનો ચાલકો પર અબીલ-ગુલાલ-કંકુ કે અન્ય મિશ્રીત પાઉડર સ્વરૂપે પાણી કે તૈલી પદાર્થોમા ભેળવીને છુટા કે પ્લાસ્ટીકની નાની થેલીઓમાં ભરી ઉડાવવામાં આવે છે, જે સ્વાસ્થય માટે પણ હાનિકારક હોય છે. જેથી સામાન્ય જાહેર જનતા માટે ત્રાસ-દાયક થાય છે. જેનાથી ઘણીવાર સામાન્યથી લઇ મોટી તકરારો પેદા થતી હોય છે. જે જાહેર કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ બને છે. જેના કારણે આ પ્રકારના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

અધિક મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાઓનો પત્ર નં. ઇએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઇ તા.૧૨/૦૭/૨૦૧૧ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રી ના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા.૦૯/૦૫/૨૦૧૩ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુશનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તા.૧૮/૦૮/૨૦૧૫ના હુકમને આધારે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

## :: પ્રતિબંધિત કૃત્યો ::

(૧) શ્રી ગણેશજીની મૂર્તિની સ્થાપના તેમજ વિસર્જના દિવસે ચાર વ્હીલર કરતા વધુ વ્હીલરના ટ્રેઇલરો ઉપર ગણેશજીની મૂર્તિઓ લઇ જવા ઉપર.
(૨) શ્રી ગણેશજીની વિસર્જનની શોભાયાત્રામાં ઉંટગાડી, બળદગાડુ, હાથી કે ટ્રેલરનો ઉપયોગ કરવા પર
(૩) ગણેશ મહોત્સવ દરમિયાન બિભત્સ ફિલ્મી ગીતો કે ધાર્મિક લાગણી દુભાય તેવા ગીત-સંગીત કે ભાષણો, પ્રવચનો વગાડવા પર તથા ધાર્મિક લાગણી દુભાય તેવા સુત્રોચ્ચાર કરવા પર..
(૪) શ્રી ગણેશજીની મૂર્તિના સ્થાપના સ્થળોએ તેમજ વિસર્જનના દિવસે વિસર્જન યાત્રા દરમિયાન કોઇ પણ વ્યક્તિઓએ શ્રી ગણેશજીની વિસર્જન યાત્રામાં જાહેર જગ્યાએ આવતા-જતા રાહદારીઓ ઉપર તેમજ વાહનોમાં આવતા-જતા માણસો ઉપર કે મકાનો/મિલક્તો ઉપર હાજર રહેલા માણસો ઉપર કોઇ પણ પ્રકારના રંગો કે પાઉડર ને છુટા પાણી કે અન્ય તૈલી પદાર્થોમાં મિશ્રીત કરી ઉડાડવા/છાંટવા કે ફેંકવા ઉપર.
(૫) શ્રી ગણેશજીની માટીની, પી.ઓ.પી.ની મુર્તીઓ અને ફાયબરની મૂર્તિ નદી, તળાવ, કેનાલ સહિતના કુદરતી જળસ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર.
(૬) શ્રી ગણેશજીની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વેચાણ ન થયેલી તથા બનાવટ દરમ્યાન ખંડીત થયેલી મૂર્તિઓને બિનવારસી હાલતમાં મુકવા ઉપર.
(૭) ગણેશ વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર
(૮) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા ઉપર.

(૯) કોઇ પણ ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવા ડેકોરેશન કરવા પર.

(૧૦) જાહેર માર્ગ પર સામાન્ય ટ્રાફિકને અડચણ કરવા પર.

**<u>નોંધ:</u> અત્રેથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાં ક્રમાંક:એસ.બી./જાહેરનામું/ ધ્વનિ પ્રદૂષણ /૧૮૧/૨૦૨૪. તા.૩૦/૦૮/૨૦૨૪ ની અમલવારી કરવાની રહેશે.**

**<u>-: વિસ્તાર:-</u>**

સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**<u>-: પ્રતિબંધની અમલવારીનો સમયગાળો</u> :-**

**<u>તા.૦૭/૦૯/૨૦૨૪ ના કલાક.૦૦/૦૦ થી તા.૨૦/૦૯/૨૦૨૪ ના કલાક ૨૪/૦૦ સુધી</u>**

**<u>:: શિક્ષા ::</u>**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**<u>:: જાહેર વિજ્ઞપ્તિ ::</u>**

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમ ની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ. ૦૪/૦૯/૨૦૨૪ ના રોજ મારા સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ.બી. સુરત શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

<u>પ્રતિ,</u>

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સુરત શહેર
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક તથા ક્રાઇમ, સેક્ટર-૨ સુરત શહેર
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

<u>સવિનય નકલ રવાના :-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ ( ઇમેઇલ દ્વારા મોકલાવવામાં આવે છે.)

E:\ALL JAHERNAMA - 2024\184-ganesh visarjan-.doc